Wednesday
03.09.2025
✳Volume :10 ✳ Issue No.54
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં સેમીકોન ઈન્ડિયા ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું

દુનિયા ભારત પર ભરોસો કરે છે, દુનિયા ભારત પર વિશ્વાસ રાખે છે અને દુનિયા ભારત સાથે સેમિકન્ડક્ટર ભવિષ્ય બનાવવા માટે તૈયાર છેઃ પ્રધાનમંત્રી

સેમિકોન ઇન્ડિયા - ૨૦૨૫ એ ૨ થી ૪ સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસીય કોન્ફરન્સ છે, જે ભારતમાં એક મજબૂત, સ્થિતિસ્થાપક અને ટકાઉ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમાં સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામની પ્રગતિ, સેમિકન્ડક્ટર ફેબ અને એડવાન્સ્ડ પેકેજિંગ પ્રોજેક્ટ્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયારી, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ, R&D અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોકાણની તકો, રાજ્ય-સ્તરીય નીતિ અમલીકરણ, વગેરે પર સત્રો સામેલ છે. વધુમાં, આ ઇવેન્ટ ડિઝાઇન લિંક્ડ ઇન્સેન્ટિવ (DLI) યોજના હેઠળની પહેલ, સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનો વિકાસ, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ભારતના સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે ભાવિ રોડમેપને પ્રકાશિત કરશે.



કાગળકામ જેટલું ઓછું હશે, તેટલું વહેલું વેફરનું કામ શરૂ થઈ શકશેઃ પ્રધાનમંત્રી

ભારતની સૌથી નાની ચિપ ખૂબ જ ટૂંક સમયમાં વિશ્વના સૌથી મોટા પરિવર્તનને આગળ ધપાવશેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે ભારતના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને ઉત્પ્રેરિત કરવાના હેતુથી 'સેમિકોન ઈન્ડિયા - ૨૦૨૫'નું ઉદ્ઘાટન કર્યું.હતું. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભારત અનેવિદેશના સેમિકન્ડક્ટર ઉદ્યોગના સીઈઓ અને તેમના સહયોગીઓનીહાજરીનો સ્વીકાર કર્યો હતો. તેમણે વિવિધ દેશોના પ્રતિષ્ઠિત મહેમાનો, સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા ઉદ્યોગસાહસિકો અને દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા યુવાન વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. શ્રી મોદીએ જણાવ્યું કે તેઓ ગઈકાલે રાત્રે જાપાન અને ચીનની મુલાકાત લઈને પાછા ફર્યા છે અને આજે તેઓ યશોભૂમિમાં પ્રેક્ષકો વચ્ચે હાજર છે, જે આકાંક્ષાઓ અને આત્મવિશ્વાસથી ભરેલો હોલ છે. ટેકનોલોજી પ્રત્યેનો તેમનો જુસ્સો હંમેશા સ્વાભાવિક અને જાણીતો રહ્યો છે. તેનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે જાપાનની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન, તેમને જાપાનના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી શિગેરુ ઈશિબા સાથે ટોક્યો ઈલેક્ટ્રોન ફેક્ટરીનીમુલાકાતલેવાનીતકમળી હતી. તેમણે ઉલ્લેખ કર્યો કે તે કંપનીના સીઈઓ આજે પ્રેક્ષકોમાં ઉપસ્થિત છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યોકે ટેકનોલોજીપ્રત્યેનો તેમનો ઝુકાવ તેમને વારંવાર આવા મેળાવડામાં લાવે છે. તેમણે વ્યક્ત કર્યું કે આજે પ્રેક્ષકો વચ્ચે હાજર રહેવાથી તેમને ખૂબ આનંદ થાય છે. શ્રી મોદીએ વિશ્વભરના સેમિકન્ડક્ટર ક્ષેત્રના નિષ્ણાતોની હાજરીની નોંધલેતા, જેમાં ૪૦ થી ૫૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ સામેલ છે, તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં ભારતની નવીનતા અને યુવા શક્તિ પણ સ્પષ્ટપણે હાજર છે. તેમણે કહ્યું હતું કે આ અનોખુંસંયોજન સ્પષ્ટ સંદેશ આપે છે કે, "દુનિયા ભારત પર વિશ્વાસ કરે છે અને દુનિયા ભારત સાથે સેમિકન્ડક્ટર ભવિષ્ય બનાવવા માટે તૈયાર છે". પ્રધાનમંત્રીએ સેમિકોન ઈન્ડિયામાં હાજરી આપનારા તમામ પ્રતિષ્ઠિત મહેમાનોનું સ્વાગત કર્યું અને ખાતરી આપીકે તેઆવિકસિતઅને આત્મનિર્ભર રાષ્ટ્ર તરફ ભારતની સફરમાં મહત્વપૂર્ણ ભાગીદાર છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના GDP આંકડાઓ તરફ ઈશારો કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, "ફરી એકવાર,ભારતે દરેક અપેક્ષા, દરેક અંદાજ અને દરેક આગાહી કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે". તેમણે નોંધ્યું હતું કે જ્યારે વિશ્વભરના અર્થતંત્રો આર્થિક સ્વાર્થ દ્વારા સંચાલિત ચિંતાઓને પડકારોનો સામનો કરીરહ્યાછે, ત્યારે ભારતે ૭.૮ટકાનોવિકાસ દરહાંસલ કર્યો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વૃદ્ધિ તમામ ક્ષેત્રો - ઉત્પાદન, સેવાઓ, કૃષિ અને બાંધકામ- માંદેખાઈરહીછે, જેમાં ઉત્સાહ દરેક જગ્યાએ સ્પષ્ટપણે જોવા મળે છે. તેમણે ટિપ્પણી કરી કે ભારતનો ઝડપી વિકાસ ઉદ્યોગો અનેદરેક નાગરિકમાંનવી ઊર્જાનો સંચાર કરીરહ્યોછે. તેમણે ખાતરી આપી કે વિકાસનો આ માર્ગ ભારતને ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ ધપાવી રહ્યો છે. સેમિકન્ડક્ટર્સની દુનિયામાં ઘણીવાર અવુંકહેવામાં આવેછે કે, 'તેલ કાળું સોનું હતું, પરંતુ ચિપ્સ ડિજિટલ હીરા છે', તે વાત પર ટિપ્પણી કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તેલપાછલી સદીને આકાર આપતું હતું, અને વિશ્વનું ભાગ્ય તેલના કુવાઓ દ્વારા નક્કી થતું હતું. આ કુવાઓમાંથી કેટલું પેટ્રોલિયમ કાઢવામાં આવતું હતું તેના આધારે વૈશ્વિક અર્થતંત્રમાં ઉતાર-ચઢાવ આવતો હતો. જોકે, તેમણે ભાર મૂક્યો હતો કે ૨૧મી સદીની શક્તિ હવે નાની ચિપમાં કેન્દ્રિત છે. કદમાં નાનીહોવાછતાં, આચિપ્સ વૈશ્વિકપ્રગતિને નોંધપાત્ર રીતે વેગ આપવાની ક્ષમતા ધરાવે છે. શ્રી મોદીએ ભાર મૂક્યોહતો કે વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર પહેલાથીજ $600 બિલિયનસુધી પહોંચી ગયું છે અને આગામી વર્ષોમાં, તે $1 ટ્રિલિયનને વટાવી જવાની અપેક્ષા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં જે ગતિએ આગળવધી રહ્યુંછે તેજોતાં,ભારત $1 ટ્રિલિયન બજારમાં નોંધપાત્ર હિસ્સો ધરાવશે.ભારત જે ગતિએ પ્રગતિકરી રહ્યુંછે તેઉજાગર કરવા માંગતા હોવાનું જણાવતા, શ્રી મોદીએ યાદ કર્યું કે ૨૦૨૧ માં, સેમિકોન ઈન્ડિયા કાર્યક્રમ શરૂ કરવામાંઆવ્યા હતા. તેમણે ઉમેર્યું કે ૨૦૨૩સુધીમાં, ભારતના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી આપવામાં આવીહતી, ૨૦૨૨માં, ઘણા વધુપ્લાન્ટને મંજૂરીમળી હતી અને ૨૦૨૫માં, પાંચ વધારાના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવીહતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હુલ ઇસ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ હાલમાં ચાલી રહ્યા છે, જેમાં અઢાર અબજ ડોલરથીવધુ - ?૧.૫ લાખ કરોડથી વધુનું રોકાણ સામેલ છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે આ ભારતમાં વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગતિ મહત્વની છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે, "ફાઈલથી ફેક્ટરીસુધીનો સમય જેટલો ઓછો અને કાગળકામ જેટલું ઓછું હશે, તેટલું વહેલું વેફર વર્ક શરૂ થઈ શકશે". તેમણે ભાર મૂક્યો કે સરકાર આજ અભિગમ સાથે કામ કરી રહીછે. રાષ્ટ્રીયસિંગલ વિન્ડો સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, જેના થી કેન્દ્ર અને રાજ્યો બંને તરફથી તમામ મંજૂરીઓ એક જ પ્લેટફોર્મ પર મેળવી શકાય છે. પરિણામે, રોકાણકારો વ્યાપક કાગળકામથી મુક્ત થયા છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે દેશભરમાં સેમિકન્ડક્ટર પાર્ક પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડેલ હેઠળ વિકસાવવામાં આવી રહ્યા છે, જે જમીન, વીજપુરવઠો, બંદર અને એરપોર્ટ કનેક્ટિવિટી અને કુશળ કાર્યકર પૂલ જેવીસુવિધાઓ પ્રદાન કરેછે. તેમણેટિપ્પણી કરીકે જ્યારે આવા માળખાગત સુવિધાઓને પ્રોત્સાહનોસાથે જોડવામાંઆવે છે, ત્યારે ઔદ્યોગિક વિકાસ અનિવાર્ય છે.

પીએલઆઈ પ્રોત્સાહનો દ્વારા હોય કે ડિઝાઈન લિંક્ડ ગ્રાન્ટ્સ દ્વારા, ભારત અન્ડ-ટુ-એન્ડ ક્ષમતાઓ પ્રદાન કરી રહ્યું છે. આ જ કારણ છે કે રોકાણનો પ્રવાહ ચાલુ રહે છે, તેમણે ભાર મૂક્યો. ભારત બેકએન્ડ કામગીરીથી આગળ વધીરહ્યું છેઅને હુલ-સ્ટેક સેમિકન્ડક્ટર રાષ્ટ્ર બન વા તરફ આગળ વધી રહ્યું છે તેની ખાતરી આપતા શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે તે દિવસ દૂર નથી જ્યારે ભારતની સૌથીનાની ચિપ વિશ્વના સૌથી મોટા પરિવર્તનને આગળ ધપાવશે. તેમણે કહ્યું, "આપણી યાત્રા મોડી શરૂ થઈ હતી... પરંતુ હવે આપણનેકંઈ રોકીશકશે નહીં." પ્રધાનમંત્રીએ માહિતી આપી કે સીજીપાવરના પાયલોટ પ્લાન્ટે ૨૮ ઓગસ્ટનારોજ, ફક્ત ૪-પદિવસ પહેલા કામગીરી શરૂ કરી હતી. તેમણે ઉમેર્યું કે કેન્સનો પાયલોટ પ્લાન્ટ પણશરૂ થવાનોછે. માઈક્રોન અને ટાટા તરફથી ટેસ્ટ ચિપ્સનું ઉત્પાદન પહેલાથી જ શરૂ થયુ છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે આ વર્ષે વ્યાપારીચિપનું ઉત્પાદન શરૂ થશે, જે ભારતસેમિકન્ડક્ટર ક્ષેત્રમાં જે ઝડપી પ્રગતિ કરી રહ્યું છે તે દર્શાવે છે. ભારતની સેમિકન્ડક્ટર સફળતાની ગાથાકોઈએક વર્ટિકલ અથવા એક જ ટેકનોલોજી સુધી મર્યાદિત નથી તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએજણાવ્યું હતું કે ભારત એક વ્યાપક ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે - જે ડિઝાઈનિંગ, ઉત્પાદન, પેકેજિંગ અને હાઈ-ટેક ઉપકરણોને સમાવે છે, આ બધું દેશની અંદર. તેમણે સ્પષ્ટ કર્યું કે સેમિકન્ડક્ટર મિશન ફક્ત એક જ ફેબ સ્થાપિત કરવાઅથવા એક જ ચિપનું ઉત્પાદન કરવા પૂરતું મર્યાદિતનથી. તેનાબદલે, ભારત એક મજબૂત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે જે રાષ્ટ્રને આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે, એમ પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું. ભારતના સેમિકન્ડક્ટર મિશનની બીજી મુખ્ય વિશેષતાપર ભાર મૂકતા, શ્રી મોદીએ કહ્યું કે દેશ વિશ્વની સૌથી અદ્યતન તકનીકોની સાથે આ ક્ષેત્રમાં આગળવધી રહ્યાછે. તેમણે જણાવ્યું હતું કે ભારતનું ધ્યાન સ્થાનિક રીતેઉત્પાદિત ચિપ્સ દ્વારા ઉભરતી તકનીકોને સશક્ત બનાવવાનું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે નોઈડા અને બેંગલુરુમાં વિકસિત ડિઝાઈન કેન્દ્રો વિશ્વની કેટલીક સૌથી અદ્યતન ચિપ્સ પર કામ કરી રહ્યા છે - જે અબજો ટ્રાન્ઝિસ્ટર સંકલિત કરવામાંસક્ષમ છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ ચિપ્સ ૨૧મી સદીનો ઈમર્સિવ ટેકનોલોજીઓને શક્તિ આપશે. વૈશ્વિક સેમિકન્ડક્ટર ક્ષેત્ર દ્વારા સામનો કરવામાંઆવતા પડકારોને સંબોધતા, પ્રધાનમંત્રીએ ખાતરી આપી હતી કે ભારત તેમને દૂર કરવામાટેસક્રિયપણે કાર્યકરી રહ્યું છે. તેમણેટિપ્પણી કરીકે શહેરોમાં ઉંચી ઈમારતો અને પ્રભાવશાળી ભૌતિક માળખાકીય સુવિધાઓ દેખાય છે, પરંતુ તેનો પાયો સ્ટીલ પરરહેલોછે. તેની જરૂરિત ભારતના ડિજિટલ માળખાનો પાયો મહત્વપૂર્ણ ખનિજો પર બનેલો છે. શ્રી મોદીએજણાવ્યું હતું કે ભારત હાલમારાષ્ટ્રીયમહત્વપૂર્ણ ખનિજ મિશન પર કામ કરી રહ્યું છે અને સ્થાનિક સ્તરે દુર્લભ ખનિજોની માંગને પૂર્ણકરવાં મટે પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં મહત્વપૂર્ણ ખનિજ પ્રોજેક્ટ્સમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રનાવિકાસમાં સરકાર સ્ટાર્ટ-અપ્સ અને

૪૮ થી વધુ દેશોના ૨,૫૦૦ થી વધુ પ્રતિનિધિઓ, ૫૦ થી વધુ વૈશ્વિક નેતાઓ સહિત ૧૫૦ થી વધુ વક્તાઓ અને ૩૫૦ થી વધુ પ્રદર્શકો સહિત ૨૦,૭૫૦ થી વધુ પ્રતિભાગીઓ ભાગ લેશે. તેમાં ૦૬ દેશોના ગોળમેજી ચર્ચાઓ, દેશ પેવેલિયન અને કાર્યબળ વિકાસ અને સ્ટાર્ટ-અપ્સ માટે સમર્પિત પેવેલિયનનો પણ સમાવેશ થશે.

MSME માટે મહત્વપૂર્ણ ભૂમિકાની કલ્પના કરે છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ભારત વિશ્વની સેમિકન્ડક્ટર ડિઝાઈન પ્રતિભામાં ૨૦ ટકા કાળો આપે છે, અને દેશના યુવાનોસેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે સૌથી મોટી માનવ મૂડી ફેક્ટરીનું પ્રતિનિધિત્વ કરેછે. યુવા ઉદ્યોગસાહસિકો,નવીનતાઓ અને સ્ટાર્ટ-અપ્સને સંબોધતા, શ્રી મોદીએ તેમને આગળ આવવા વિનંતી કરી, ખાતરી આપી કે સરકાર તેમની સાથે ખભા મિલાવીને ઉભી છે. તેમણે ધ્યાન દોર્યું કે ડિઝાઈન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ અને ચિપ્સ-ટુ-સ્ટાર્ટઅપ મિશનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યાછે, જેમાંઘણાએ આક્ષેત્ર માટે ખાસ નીતિઓ ઘડીછે તે નોંધીને, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ રાજ્યો સમર્પિત માળખાગત સુવિધાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેમણે બધા રાજ્યોને સેમિકન્ડક્ટરઈકોસિસ્ટમ બનાવવા અને તેમના પ્રદેશમાં રોકાણનું વાતાવરણ વધારવામાટે એકબીજા સાથેસ્વસ્થ સ્પર્ધામાંજોડાવા હાકલ કરી હતી. "ભારત સુધારા, કામગીરી અને પરિવર્તનનાં મંત્રને અનુસરીને આ તબક્કેપહોંચ્યું છે. આગામી પેઢીનાસુધારાઓનો એક નવો તબક્કો ટૂંક સમય માં શરૂ થશે",પ્રધાનમંત્રીએ જણાવ્યુંહતું કે જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવશે. "તે દિવસ દૂરે નથી જ્યારે વિશ્વ કહેશેઃ ભારતમાં ડિઝાઈન, ભારતમાં બનાવેલ, વિશ્વ દ્વારા વિશ્વસનીય", પ્રધાનમંત્રીએ કહ્યું. તેમણેભારતના દરેકપ્રયાસોસફળ થાય, દરેક બાઈટ નવીનતાથી ભરપૂર રહે અનેયાત્રા ભુલ-મુક્ત અને ઉચ્ચ-પ્રદર્શનવાળી રહે તેવી ઈચ્છા વ્યક્ત કરીને સમાપન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, શ્રી અશ્વિની વૈષ્ણવ, શ્રી જિતિન પ્રસાદ, દિલ્હીના મુખ્યમંત્રી, શ્રીમતી રેખા ગુપ્તા, ઓડિશાના મુખ્ય મંત્રી શ્રી મોહન ચરણ માઝી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

ઉદ્યોગના હિસ્સેદારો તરફથી મળેલા મજબૂત અને ઉત્સાહી પ્રતિસાદને ધ્યાનમાં રાખીને, સરકારે કાપડ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન (PLI) યોજનામાટે એપ્લિકેશન વિન્ડો લંબાવવાનો નિર્ણય લીધો છે. ઓગસ્ટ ૨૦૨૫માં તાજેતરમાં અરજીના આમંત્રણ દરમ્યિાન, MMF એપ્રેલ, સ્સ્ન્ન્ સ્ર્ેબ્રિક્સ અનેટેકનિકલ ટેકસટાઇલ ક્ષેત્ર તરફથી ૨૨ નવી અરજીઓ પ્રાપ્ત થઈ છે. સરકાર સંભવિત રોકાણકારોને યોજનાનો લાભ મેળવવા માટે વધુ એકતક આપેછે. પેટા ઉદ્યોગ માટે PLI યોજના માટે એપ્લિકેશન વિન્ડો યોજના હેઠળ વધુ રોકાણ કરવાની ઇચ્છાને આધારે ફરીથી ખોલવામાં આવી રહી છે, જે PLI ટેક્સટાઇલયોજના હેઠળભારતમાં કાપડ ઉત્પાદનોનાઉત્પાદનને કારણે ઉત્પન્ન થયેલા વિશ્વાસનું પરિણામ છે. એપ્લિકેશન વિન્ડો ૨૪.૦૮.૨૦૨૧ના રોજ સૂચિત PLI ટેકસટાઇલ યોજના અને ૨૮.૧૨.૨૦૨૧ના રોજ જારી કરાયેલ PLI ટેકસટાઇલ યોજના માર્ગદર્શિકામાં નિર્ધારિત સમાન નિયમો અને શરતો પર ખોલવામાં આવી રહી છે, જે સમયાંતરે સુધારેલ છે. યોજનામાટેની અરજી માટે વિન્ડો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીતે જ ઓનલાઇન પોર્ટલ પર ખુલ્લી રહેશે જેનો URLh ttps://pli.te xmin.gov.in/છે. અરજી વિન્ડો બંધ થયા પછી કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહીં. અત્યાર સુધી, PLI યોજના હેઠળ૨. ૨૮,૭૧૧ કરોડના પ્રતિબદ્ધરોકાણ સ્થે ૭૪ સહભાગી કંપનીઓને લાભાર્થી તરીકે પસંદ કરવામાં આવી છે. આ રોકાણોસંપૂર્ણ MMF મૂલ્ય શૃંખલામાંકાપડ ઉત્પાદન તરફ દોરી જશે.

નવા સંશ્લેષિત સંયોજન સ્તન કેન્સરની સારવાર કરી શકે છે



કમલમ્,

નવા વિકસિત નાઈટ્રો-અવેજીકૃત ઓર્ગેનોસેલેનિયમ સંયોજન વિવિધ સિગ્નલિંગ માર્ગોને મોડ્યુલેટ કરીને ટ્રિપલ-નગેટિવ સ્તન કેન્સર કોષોની અસરો ઘટાડી શકે છે. દવામાં ઘણી શોધોમાં ડિઝાઇન અને સંશ્લેષણનો સમાવેશ થાય છે. છોડમાંથી મેળવેલા અને પ્રયોગશાળામાં સંશ્લેષિત કરાયેલા કેટલાક ઓર્ગેનોસેલેનિયમ સંયોજનો તેમની જૈવિક પ્રવૃત્તિઓ માટે ધ્યાન ખેંચી રહ્યા છે. જો કે, એકબીજા સાથે જોડાયેલા ઓર્કોજેનિક સિગ્નલિંગ નેટવર્કસને લક્ષ્ય બનાવવાની તેમની ક્ષમતાનો વ્યાપક અભ્યાસ કરવામાંઆવ્યો નથી, જેના કારણે તેમના માળખાકીય ફેરફારો અને કેન્સર વિરોધી ગુણધર્મો પર સંશોધન શરૂ થયું છે. તેમના સંશોધન કાર્યમાં, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) હેઠળની એક સ્વાયત્તસંસ્થા, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડસ્ટડી ઈનસાયન્સ એન્ડ ટેકનોલોજી (IASST)ના ડૉ. આશિષ બાલા અને IIT ગુવાહાટીના રસાયણશાસ્ત્ર વિભાગનાડૉ. કૃષ્ણ પી. ભબ્બર ઓર્ગેનોસેલેનિયમ સંયોજન ૪-નાઈટ્રો-અવેજીકૃતબેન્ઝીલિક ડિસેલેનાઈડ ૭ નેસફળતાપૂર્વક ડિઝાઇન અને સંશ્લેષણ કર્યું છે. ટીમેતેને બેન્ઝીલિક હલાઈડ્સના ન્યુક્લિયોફિલિક અવેજી દ્વારા Na2Se2 અને NaHSe સાથે સંશ્લેષણ કર્યું, જે સેલેનિયમ નિષ્ક્રિય વાતાવરણમાં સોડિયમ બોરોહાઈડ્રાઈડ સાથે ઘટાડીને મેળવે છે. આ નવા સંશ્લેષિત નાઈટ્રો-અવેજીકૃત ઓર્ગેનોસેલેનિયમ સંયોજન, જેને ડિસેલેનાઈડ ૭ કહેવાય છે, વિવિધ સિગ્નલિંગ માર્ગોને મોડ્યુલેટ કરીનેટ્રિપલ-નગેટિવ સ્તન કેન્સર કોષોની અસરો ઘટાડવામાંસક્ષમ છે. સ્તન એડેનોકાર્સિનોમાક્ષણાત્વિસ આલ્ફિનો ઉંદરોમાં, તે ગાંઠનું કદ અને એન્જીયોજેનેસિસ અને મેટાસ્ટેસિસ ઘટાડે છે, જેનાથીઉંદરોનું આયુષ્યવધે છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે આ સંયોજન કેન્સર કોષોમાં બહુવિધ સક્રીયવલ મિકેનિઝમ્સને લક્ષ્ય બનાવીને તેની કેન્સર વિરોધી અસરનો ઉપયોગ કરે છે. સારવાર બે મહત્વપૂર્ણ માર્ગો, AKT/m TOR અનેERK નેઅવરોધે છે, જે કેન્સર કોષોને વધવામાં મદદ કરેછે. તેઉપરાંતઘણીએન્ટિઓક્સિજન પ્રજાતિઓ (ROS) પણ ઉત્પન્ન કરે છેઅને DNA અને કેન્સર કોષોને નુકસાન પહોંચાડતાસોજાન ઘટાડે છે. આ અભ્યાસ કેન્સર વિરોધી એજન્ટ તરીકે નાઈટ્રો-અવેજીકૃત ઓર્ગેનોસેલેનિયમ સંયોજનોની ભૂમિકાને પ્રકાશિત કરે છે અને કેન્સર સારવાર માટે તેમના વિકાસને સમર્થન આપે છે.

દાંતા ખાતે બનાસ મેડીકલ સેવા કેમ્પનો શુભારંભ કરતા વિધાનસભાના અધ્યક્ષ

કમલમ્,દાંતા

"આસ્થા તમારી વ્યવસ્થા અમારી"ના મંત્ર સાથેઅંબાજી ભાદરવી પૂનમ મહા મેળા ૨૦૨૫માં દૂર દૂરથી માઈભક્તોઅંબાજી ખાતે પધારી રહ્યાછે ત્યારે પદયાત્રી શ્રધ્ધાળુઓનીસેવા માટે વિવિધ સેવાકેમ્પ કાર્યરત થયા છે. જે સેવા કેમ્પો પદયાત્રીઓની સેવા કરી સેવા દ્વારા ભક્તિ કરી રહ્યા છે. આજે વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે દાંતા ખાતે બનાસ ડેરીના મેડિકલ કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ અને મહાનુભાવોએ મંગળ આરતી કરીને સેવા કેમ્પમાં આરામ કરી રહેલા પદયાત્રીઓ સાથે સંવાદ કરીને કેમ્પનું નિરીક્ષણ કર્યું હતું. ભાદરવીપૂનમના મેળામાંપદયાત્રીઓની સેવા કરવા માટે અનેક કેમ્પો લગાવવામાં આવ્યા છે. દાંતા ખાતે બનાસ ડેરી દ્વારાવિશેષમેડિકલ કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું છે.મેડિકલ કેમ્પમાં મીની હોસ્પિટલ ઉભી કરવામાં આવેલ છે. જેમાં મલ્ટીપેરા મોનિટર, ઇ.સી.જી. મશીન, રિફ્રિજીલેટર, ઓક્સિજન, સકશન મશીન, મસાજ માટે વાઈબ્રેટર મશીન, પાટા પિંડીની સગવડ જેવી તમામ સુવિધાઓ ઉભીકરવામાં આવીછે. ઉપરાંતજનરલ ઓપીપી, સર્જીકલ, ઓર્થોપેડિક, મેડિસિન, રેસ્પીરેટરી મેડિસિનના તજ્ઞજો સેવા આપનાર છે. જેમાં પદયાત્રીઓને મેડિકલ સેવા તેમજ આરામ માટે ખાસ સુવિધા ઉભી કરવામાંઆવીછે. પદયાત્રાકરતા પદયાત્રીઓને સેહી વધુતકલીફ પગમાં થતી હોય છે. આથી પદયાત્રીઓના પગમાં માલિશ અને આરામ માટે ખાસ ખાટલાની વ્યવસ્થા કરવામાં આવી છે. મેડીકલ કેમ્પમાં થાકેલા પદયાત્રીઓઆરામ કરીશકે તથીસુવિધાછે. આ મેડીકલ કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગેબનાસબેંકનાચેરમેન ડઘ્ઘાભાઈપીલીયાત્ન, બનાસડેરીનાવાઈસ ચેરમેન ભાવાભર્ઈ રબારી, શ્રીદિલીપદેશમુખદાદા સહીતબનાસ ડેરીનું નિયામક મંડળ તેમજ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાંગણવાડી પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય લક્ષી શિબિર યોજાયો

કમલમ્,મયુર પટેલ

જિલ્લાવિકાસઅધિકારીશ્રીનવસારી અનેમાનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી નવસારીના માર્ગદર્શનહેઠળ રાષ્ટ્રીય તમાકુ કંટ્રોલ કાર્યક્રમ અંતર્ગત વાંઝણા નાની વાંગર વાડી પ્રા. શાળા ખાતે તમાકુ થી થતાંઆરોગ્ય લક્ષીનુકશાન અંગેશિબિર અને ચિત્રસ્પર્ધા,મલેરિયા,ડેન્ગ્યુ લેપ્ટોસ્પાઈરોસીસ રોગો અંગેની જન જાગૃતિ શિબીર નું આયોજન કરવામાં આવ્યું હતું ડો. હિમાંશુબી. પટેલ મે.ઓ.રાનવેરીકલ્લા દ્વારા તમાકુ થી થતાં આરોગ્ય લક્ષી નુકશાન અને મલેરિયા,ડેન્ગ્યુ લેપ્ટોસ્પાઈરોસીસ રોગો અંગેની ગંભીરતા વિષે માહિતગાર કર્યા હતા. ચિત્ર સ્પર્ધા માં ભાગ લીધેલ બાળકોને ક્રમવાઈઝ ઈનામનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમ સફળ બનાવવાં શાળાના શિક્ષકો,આરોગ્ય સ્ટાફ,આશા ફે આશાબેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.અંતેશાળાના આચાર્ય શ્રી કાંતિલાલજી. પટેલ સાહેબ દ્વારા આભાર વિધિકરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે દેશભરમાં કૃષિ ક્ષેત્રની પરિસ્થિતિની સમીક્ષા કરી

દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં, શ્રી શિવરાજ સિંહે વિવિધ રાજ્યોમાં વરસાદ વિશે માહિતી લીધી

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણેનવીદિલ્હીમાંએક બેઠક યોજી હતીજેમ્ન દેશભરમાં કૃષિ ક્ષેત્રની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ઉચ્ચ સ્તરીય બેઠકમાં, શ્રી શિવરાજ સિંહે વિવિધ રાજ્યોમાં થયેલા વરસાદ વિશે માહિતી મેળવી હતી. તેમણે પંજાબના કેટલાક વિસ્તારોમાંઆવેલા પૂર અને પાક પર તેની અસર અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા પણ કરી હતી. બેઠકમાં શ્રી શિવરાજ સિંહે કહ્યું કે પંજાબના ખેડૂત ભાઈઓ અને બહેનોએ બિલકુલ ચિંતા કરવી જોઈએ, કેન્દ્ર સરકાર દુકરતીઆફતની આવશ્રીમાંઅસરગ્રસ્ત ખેડૂતોની સાથેઉભી છે. શ્રી શિવરાજ સિંહે કહ્યું કે તેઓઆગામી દિવસોમાં પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને પરિસ્થિતિનો તાગ મેળવશે અને અસરગ્રસ્ત ખેડૂતોને સ્થળ પર જ મળશે અને તેમને શક્ય તેટલીમદદ કરવાનોપ્રયાસ કરશે. બેઠકમાં કેન્દ્રીય કૃષિ સચિવ ડૉ. દેવેશ ચતુર્વેદીએને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ કેન્દ્રીય મંત્રીશિવરાજ સિંહને દેશભરમાં કૃષિ ક્ષેત્રની સ્થિતિ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ દરમિયાન જણાવવામાં આવ્યું કે ગ્યાવર્ષની સરખામણીમાં ખરીફ વાવણી વિસ્તારમાં આશાસ્પદ વધારો થયો છે. ખાદ્ય પાકોની સાથે, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી ચૌહાણે બાગાયતી ક્ષેત્રની પ્રગતિ વિશે પણ પૂછપરછ કરી હતી. તેમણે ખાસકરીને બટાકા, ડુંગળી અને ટામેટાના ઉત્પાદનનીસ્થિતિ અને ભાવવિશે માહિતીમેળવી હતી. બેઠકમાં અધિકારીઓએવિવિધ રાજ્યોમાં થયેલા વરસાદ અને જળાશયોની સ્થિતિ વિશે પણ જણાવ્યું, જેમાં કહેવામાં આવ્યું કે આવર્ષે ઘણા રાજ્યોમાં સરેરાશ કરતાં વધુવરસાદ પડ્યોછે, જે પાક માટે ફાયદાકારક સ્થિતિછે. સારા વરસાદને કારણે જળાશયો ભરાઈ ગયા છે. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહે અધિકારીઓને નિર્દેશ આપ્યો કે ખેડૂતોને ખાદ્ય પાકોની સાથે બાગાયત સહિત સંકલિત ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાંઆવે, જેથીખેડૂતોને વધુ લાભ મળી શકે. તેમણે કહ્યું કે ભવિષ્ય ની માંગ ધ્યાનમાં રાખીને, આપણે ખેતરોમાંઅનાજની સાથે અન્ય વૈકલ્પિક પગલાં સાથે કૃષિ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરવો પડશે. બાગાયત અને 'સંકલિત ખેતી' આ દિશામાંઅસરકારક પગલાંછે. તેમણે 'સંકલિત ખેતીમોડલ'નો ખેડૂતોમાંવ્યાપક પ્રચાર માટે પણ નિર્દેશ આપ્યા હતા.

સુશ્રી ટી.સી.એ. કલ્યાણીએ કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) તરીકેનો ચાર્જ સંભાળ્યો

કમલમ્,

ભારતીય નાગરિક ખાતા સેવા (ICAS) ના ૧૯૮૯ બેચના અધિકારી સુશ્રી ટી.સી.એ. કલ્યાણીએ નાણામંત્રાલયના ખર્ચ વિભાગમાં નવા કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ આ પ્રતિષ્ઠિત પદ સંભાળનારા ૨૦૯મઅધિકારી છે. સુશ્રી કલ્યાણી દિલ્હી યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ વિજેતા છે અને તેમણે લેડી શ્રી રામ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સમાંબી.એ. ઈકોનોમેળવી છે. તેમણે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાંથી ઈન્ટરનેશનલ પોલિટિક્સ અનેવેસ્ટર્ન યુરોપિયન સ્ટડીઝમાં એમ.ફિલ. પણ મેળવ્યું છે. ૩૪ વર્ષથીવધુની વિશિષ્ટ સેવા સાથે, સુશ્રી કલ્યાણી જાહેર નાણાકીય વ્યવસ્થાપન, એકાઉન્ટિંગ, શાસન અને વહીવટમાં વ્યાપક કુશળતા ધરાવે છે. તેમના કાર્યકાળ દરમિયાન, સુશ્રી કલ્યાણીએ સંરક્ષણ, દૂરસંચાર, ખાતર, નાણા, સામાજિક ન્યાય અને સશક્તિકરણ, માહિતી અને પ્રસારણ અને ગૃહ બાબતો સહિતના મુખ્ય મંત્રાલયોમાં સેવા આપી છે. સુશ્રી કલ્યાણીએ ટેકનોલોજી અપનાવીને જાહેર સેવા હિતરણમાં પારદર્શિતા અનેકાર્યક્ષમતાને સતત પ્રોત્સાહન આપ્યું છે. નોંધનીય છે કે, ભારત સરકાર તરફથી ખાતર ખરીદી સહાય માટે ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) યોજના શરૂ કરવામાં તેમનું નેતૃત્વમહત્વપૂર્ણ રહ્યું હતું. સુશ્રી કલ્યાણીનું યોગદાન ભારત સરકારનીબહફ પણવિસ્તરિતછે. મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (MTNL) ખાતે તેમણે ઓનલાઇન બિલ ચુકવણી અને કિઓસ્ક ચુકવણી દ્વારા ડિજિટલ પરિવર્તનનું નેતૃત્વ કર્યું. તેમણે ફર્ટિલાઇઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના પુનરુત્થાનમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ચીફ કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ (CGA) તરીકેચાર્જ સંભાળતા પહેલા, સુશ્રી કલ્યાણીએ ગૃહ મંત્રાલયમાં ડિસ્ટ્રિબ્યુશનચીફ કંટ્રોલર ઓફએકાઉન્ટ્સ (Pr.CCA) તરીકે સેવાઆપી હતી, જ્યાં તેમણે ભારત સરકારના સૌથી મોટા મંત્રાલયોમાંના એકના બજેટ અને એકાઉન્ટ્સનું સંચાલન કર્યું હતું. તેમના સમૃદ્ધ અનુભવ અને સાબિત નેતૃત્વ સાથે, સુશ્રી કલ્યાણી દેશની જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલીઓને વધુમજબૂત બનાવશે અને સરકારી હિસાબીમાંનવીનતા અને પારદર્શિતાનેઆગળ ધપાવશે તેવી અપેક્ષા છે.

કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાની ગ્રાન્ટમાંથી સિહોર તાલુકામાં ૩૦ લાખના વિકાસકાર્યોનું લોકાર્પણ

સંસદ સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંતર્ગત વિકાસ કામોની સિહોરવાસીઓને સુવિધાલક્ષી ભેટ

કમલમ્, ભાવેશ તન્ના

સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના હસ્તે સિહોર તાલુકાના સંસદ સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંતર્ગત વિવિધ લોકાર્પણ કરવામાં આવ્યા હતા. સાંસદ અને કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીઅસિહોરનગરપાલિકા માટે ૨૦ લાખના ખર્ચે એમ્બ્યુલન્સ, ૫ લાખના ખર્ચે સિહોર તાલુકાના સોનગઢ ગામે પીએચસીમાં એમ્બ્યુલન્સનું લોકાર્પણ તેમજ ૫ લાખના ખર્ચે સિહોર તાલુકાના પીપળીયા ગામેઆંબેડકર ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. રાજ્યમંત્રીશ્રી દ્વારાઆજરોજ ૩૦ લાખના વિકાસલક્ષી કામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા આ તકેજિલ્લા પંચાયત પ્રમુખ રેખાબેન મિયાણી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી લીલાબેન મકવાણા, પ્રાંત અધિકારીશ્રી, આગેવાન શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, શ્રી ફાળકી સહિતના આગેવાનો ભરતભાઈ મેર, શ્રી રાજુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સિહોર તાલુકાના સોનગઢ ગામે પીએચસીમાં એમ્બ્યુલન્સનું, ટોડી ગામે કોમ્યુનિટી હોલનું અને પીપળીયા ગામે આંબેડકર ભવનનું લોકાર્પણ કરાયું

EPFO દ્વારા કડીમાં 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' પર માર્ગદર્શન સેમિનાર યોજાયો

કમલમ્,

કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થા (EPFO), પ્રાદેશિક કાર્યાલય, નરોડા દ્વારા કડી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સહયોગથી "પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગારયોજના" વિષયક સેમિનારનું આયોજન કડી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૫૦થી વધુ ઉદ્યોગપતિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધોહતો. જેમાં કડીઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના ઉપપ્રમુખ શ્રીવિવેક પટેલ, સામાની સેરામિક્સના શ્રી સંદીપ સુથાર, HR પ્રતિનિધિઓ તેમજ કડી ઈન્સ્ટ્રીયલએસ્ટેટના કોન્ટ્રાક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. કડી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલ કામલિયાએ તેમના સ્વાગત પ્રવચન માં ઔદ્યોગિક સમુદાય માટે આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું અને નોકરીદાતાઓને કર્મચારી કલ્યાણ અને સામાજિક સુરક્ષાને મજબૂત બનાવવામાટે યોજનાનોલાભ લેવા વિનંતી કરીહતી. સહાયક ભવિષ્ય નિધિ કમિશનર (મહેસાણા) શ્રી શ્રીધર થોટાએ યોજનાના ફાયદા, પાત્રતાઅને લાભોમેળવવા માટેની પ્રક્રિયા વિશે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું.મુખ્ય સંશોધન કરતા પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર (નરોડા) શ્રી યોગેશ કુમારે ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી વિકસિત ભારતરોજગાર યોજનાએ પહેલી વાર નોકરી શોધનારાઓ માટે તેમની કુશળતા, ઉત્પાદકતા અને રોજગારક્ષમતા વધારવામાટે એક પથદર્શક પહેલ છે. તેમણે વધુમા ભાર મૂક્યો કે આ યોજના નવા ઉદ્યોગો સ્થાપીને અને હાલના સાહસોને વધારીને કાયમી રોજગારને પ્રોત્સાહન આપીને નોકરીદાતાઓને સમાનરીતે લાભ આપેછે.

તેમણે ભાર મૂક્યો કે આ યોજનાનો હેતુ રોજગાર સર્જન, કાર્યબળનુંઔપચારિકીકરણ અને રોજગારક્ષમતા વધારવામાટે સતત વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે તમામ નોકરીદાતાઓ અને ઉદ્યોગોને યોજના હેઠળ નોંધણી કરાવવા અને તેના ફાયદાઓનો લાભ લેવા અપીલકરી હતી.

વિશ્વપ્રસિદ્ધ અંબાજીના ભાદરવી પુનમના મેળામાં કેન્દ્રીય સંચાર બ્યૂરો, પાલનપુર દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા વિકસિત ભારતનો અમૃતકાળ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૧૧ વર્ષ અંતર્ગત જન કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનો અંગે જાણકારી આપતા મલ્ટીમીડિયા પ્રદર્શનનું ઉદ્ઘાટન થશે

કમલમ્,

ભારતના પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દ્રઢ સંકલ્પ થકી દેશના જન - જનના વિકસિત ભારતના સપનાને સાકાર કરવા તેમજસરકારની છેલ્લા ૧૧ વર્ષની જન કલ્યાણ અને સુખાકારીની યોજનાઓની સિદ્ધિઓ, લોકકલ્યાણકારીયોજનાઓતેમજ અભિયાનોની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડતા આ મલ્ટીમીડિયાપ્રદર્શનને બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલ દ્વારા ૩.સપ્ટેમ્બરના રોજ ખુલ્લુ મુકવામાં આવશે. મેળામાં આવતાં લોકોને ઓગમેન્ટડ રિયાલિટી, વરચ્યુઅલ રિયાલિટી, ડિજિટલ આકર્ષણો, આકર્ષક રમતો, સરકારી યોજનાઓની જાણકારી આપતા વિવિધ વિભાગોના સ્ટોલ્સ, યોજનાકીય જાણકારી આપતું સાહિત્ય, નાટ્ય પ્રસ્તુતિ તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં એક જ સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વધુમાં કેન્દ્રીય સંચાર બ્યૂરો, પાલનપુરના અધિકારી જે. ડી ચૌધરીએ આયોજન અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે, તા.૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અંબાજી ખાતે ચાલનારા આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન, યોગ ઉત્સવ, ડિજિટલ ઈન્ડિયા, ફીટ ઈન્ડિયા, એક પેડ માં કે નામ તેમજ ભારત સરકારની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો, મલ્ટિમિડીયા પ્રવૃત્તિઓનું આયોજન જિલ્લા વહીવટી તંત્રનો સહયોગથી કરવામાં આવશે. અંબાજી મેળામાં આયોજિત આ મલ્ટિમિડીયા પ્રદર્શનના પૂર્વ પ્રચાર કાર્યક્રમોમાં કેન્દ્રીય સંચાર બ્યૂરો, પાલનપુર દ્વારા દાંતા તાલુકાની ડીપી ચોકસી વિદ્યાલય નવાવાસ, દાંતા, સરમદનસિંહજી વિદ્યાલય, ગંગવા જેવી સંસ્થાઓમાં ચિત્ર સ્પર્ધા, યોગાસન સ્પર્ધા, એકપેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ સાથે અન્ય પ્રવૃત્તિઓનું આયોજન હાથધરાયું છે.

મેળા દરમિયાન આગામી દિવસોમાં પણ સ્વચ્છ ભારત અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાંઆવશે. આત્રણ દિવસીય પ્રદર્શનમાં જાહેર જનતા નિઃશુલ્ક પ્રવેશ મેળવીશકશે. જેનોવધુ વધુ લાભ મેળવવા લોકોને આ પ્રદર્શનની મુલાકાતલેવાની અપીલ કરવામાંઆવી છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જમ્મુની મુલાકાત લીધી અને કુદરતી આફતથી થયેલા નુકસાનનો અંદાજ કાઢવા માટે જમ્મુ વિભાગના વસ્સાદ, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી

ગૃહમંત્રીએ જમ્મુના ચક માંગુ ગામના પૂરગ્રસ્ત લોકોને મળ્યા અને જમ્મુમાં તાવી પુલ, શિવ મંદિર અને પૂરથી નુકસાન પામેલા ઘરોનું પણ નિરીક્ષણ કર્યું

મોદી સરકાર જમ્મુ અને કાશ્મીરના લોકોની સાથે મજબૂતીથી ઉભી છે અને સુરક્ષા, પુનર્સ્થન અને પુનર્નિર્માણને સરળ બનાવવા માટે તાત્કાલિક રાહત, નાણાકીય સહાય અને તકનીકી સહાય પૂરી પાડી રહી છે

ગૃહમંત્રીએ GLOF અર્લી વોર્નિંગ સિસ્ટમની નિર્ણાયક સમીક્ષા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર અને તમામ એજન્સીઓએ સાથે મળીને સંભવિત નુકસાનને ઘણી હદ સુધી ઘટાડ્યું છે અને સંકલિત પ્રયાસોથી અમે ઘણા લોકોના જીવ બચાવવામાં સફળ રહ્યા છીએ, પરંતુ સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની જરૂર છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જમ્મુની મુલાકાત લીધી અને જમ્મુ વિભાગના વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને કુદરતી આફતથી થયેલા નુકસાનનો અંદાજ મેળવ્યો હતો. ગૃહમંત્રી જમ્મુના ચક માંગુ ગામના પૂરગ્રસ્ત લોકોને પણ મળ્યા હતા. શ્રી અમિત શાહે જમ્મુમાં પૂરથી નુકસાન પામેલા તાવી પુલ, શિવ મંદિર અને ઘરોનું પણ નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત પછી, કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક માં હાલની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠક માં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા, મુખ્ય મંત્રી શ્રી ઓમર અબ્દુલ્લા, કેન્દ્ર સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ તાજેતરની ઘટનાઓમાં થયેલા જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. શ્રી શાહે કહ્યું કે આ સંકટ ની ઘડીમાં, પહેલા દિવસથી જ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર અને મુખ્ય મંત્રી સાથે વાત કરી છે અને ભારત સરકારે બચાવ કામગીરીમાં પોતાની તમામ શક્તિ લગાવી દીધી છે. શ્રી શાહે કહ્યું કે કેન્દ્રશાસિત પ્રદેશ અને બધી એજન્સીઓએ મળીને સંભવિત નુકસાનને ઘણી હદ સુધી ઘટાડ્યું છે અને સંકલિત પ્રયાસોથી, અમે ઘણા લોકોના જીવ બચાવવામાં સફળ રહ્યા છીએ. શ્રી અમિત શાહે કહ્યું કે આપણી બધી પ્રારંભિક ચેતવણી એપ્લિકેશનો (EWA) ની પદ્ધતિઓ, તેમની ચોક સાઈ અને તેમની જમીની પહોંચનું વિવેચનાત્મક વિશ્લેષણ થવું જોઈએ. તેમણે કહ્યું કે વારંવાર સમીક્ષા અને સિસ્ટમમાં સુધારો કરીને જ આપણે શૂન્ય જાનહાનિ અભિગમ તરફ લઈ જઈ શકીએ છીએ.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે હવામાન વિભાગ અને NDMA એ ડેટા એનાલિટિક્સ અને છેલ્લો ઉપયોગ કરીને વાદળ ફાટવાના કારણોનો અભ્યાસ કરવો જોઈએ. તેમણે કહ્યું કે ભારતીય ખાદ્ય નિગમ (FCI) એ પૂરતા પ્રમાણમાં રાશનની વ્યવસ્થા કરવી જોઈએ અને ૧૦ દિવસ પછી, કનેક્ટિવિટી પરિસ્થિતિના આધારે રાશન ઓફલાઈન પહોંચાડવાનો નિર્ણય લઈ શકાય છે. શ્રી અમિત શાહે કહ્યું કે એક કે બે દિવસમાં, ગૃહ મંત્રાલયની સર્વે ટીમો નુકસાનનું મૂલ્યાંકન કરવામાટે અહીં આવશે અને તે પછી સહાય પણ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે આરોગ્ય અને પાણી વિભાગ સક્રિય રહે તું જોઈએ અને પાણી પુરવઠા અને આરોગ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે ભાર મૂક્યો કે સેના, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને વાયુ સેનાની તબીબી ટીમોની મદદ લઈ શકાય છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર કુદરતી આપત્તિગ્રસ્ત વિસ્તાર હોવાથી, કેન્દ્ર નો ભાગ રૂપે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF) માટે કેન્દ્રશાસિત પ્રદેશને ૨૦૯ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે, જેના કારણે અહીં રાહત કાર્ય શરૂ થયું છે. ગૃહમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર અને કેન્દ્ર શાસિત પ્રદેશ આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (UTDMA) દ્વારા સમયસર આપવામાં આવેલી ચેતવણીઓથી જાનમાલનું નુકસાન ઓછું કરવામાં મદદ મળી છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF), સેના, કેન્દ્રશાસિત પ્રદેશ આપત્તિ પ્રતિભાવ દળ (UTDRF), અન્ય પ્રતિભાવટીમો, બધા જ એલર્ટ પર હતા અને હેલિકોપ્ટર પણ તૈયાર હતા. તેમણે કહ્યું કે સેના અને NDRF ની તૈનાતી પણ બધાને ખૂબ જ ટૂંક સમયમાં સામાન્ય થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જમ્મુ અને કાશ્મીરના લોકોને ખાતરી આપી હતી કે આ કટોકટીની ઘડીમાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરના લોકોની સાથે મજબૂતીથી ઉભી છે અને લોકોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરતી વખતે પુનર્વસન અને પુનર્નિર્માણને સરળ બનાવવા માટે તાત્કાલિક રાહત, નાણાકીય સહાય અને તકનીકી સહાય પૂરી પાડી રહી છે.

તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મેગા બ્લડ ડોનેશન કાર્યક્રમ યોજાયો

કમલમ્,

મયુર પ્રેલ

તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શન હેઠળ વાલોડ તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના મન કી બાત ના કાર્યક્રમ તથા મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન વાલોડ ના બુહારી ખાતે ના સ્વામિનારાયણ મંદિર હોલ ની અંદર કરવામાં આવ્યું. આ પ્રસંગે તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના પ્રમુખ શ્રી સુરજુભાઈ વસાવા મુહુવા ૧૭૦ વિધાનસભા ના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, તાપી ભાજપા ના મહામંત્રી શ્રી ઓ રાકેશભાઈ કોચવાલા, ડો. નિલેશભાઈ ચૌધરી, તાપી જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ શ્રી અમિતભાઈ પટેલ, વાલોડ તાલુકા ભાજપા પ્રમુખ પરિમલસિંહ સોલંકી, મત્રી સુગરનાચેરમેન શ્રીસમીરભાઈ ભકતા, અલ્પેશભાઈ પટેલ (નન સાહ), અશોકભાઈ ભકતા, ટીકુભાઈ પટેલ, સંજયભાઈ ગામીત તથા મોટી સંખ્યામાં હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૪ જેટલા રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જમ્મુમાં આયોજિત એક બેઠકમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી

ગૃહમંત્રીએ શ્રી અમરનાથજી યાત્રા, ૨૦૨૫ શાંતિપૂર્ણ રીતે યોજવા બદલ કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓની પ્રશંસા કરી

- **શ્રી અમિત શાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ પર ભાર મૂક્યો**
- **ગૃહમંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા અને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો અંત લાવવા માટે સંકલિત રીતે કામ કરવા નિર્દેશ આપ્યો**
- **શ્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના અચાનક પૂર દરમિયાન રાહત અને બચાવ કામગીરીમાં તમામ સુરક્ષા દળો દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાની, જેના કારણે ઘણા લોકોનાં જીવ બચ્યા- પ્રશંસા કરી**
- **ગૃહમંત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં કુદરતી આફતોન સંચાલનમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) ના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી**

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જમ્મુ માં આયોજિત એક બેઠક માં જમ્મુ અને કાશ્મીર માં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠક માં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ, ડિરેક્ટર (IB), જમ્મુ અને કાશ્મીરના મુખ્ય સચિવ અને DGP, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના વડાઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ શ્રી અમરનાથજી યાત્રા, ૨૦૨૫ શાંતિપૂર્ણ રીતે યોજવા બદલ કેન્દ્ર શાસિત પ્રદેશ વહીવટ અને સુરક્ષા એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ પર ભાર મૂક્યો હતો. ગૃહ મંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા અને જમ્મુ અનકાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા માટે સંકલિત રીતે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના અચાનક પૂર પછી રાહત અને બચાવ કામગીરીમાં તમામ સુરક્ષા દળો દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી, જેના કારણે ઘણા લોકોના જીવ બચ્યા છે. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં કુદરતી આફતોના સંચાલનમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) ના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM-G) પર ગોળમેજી પરિષદ સ્વચ્છ ભારત મિશન માટે ટકાઉપણું, સમુદાય માલિકી અને વિશ્વસનીય પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે

SBM-G અને JJM સાથે મળીને આપણને ટકાઉ સ્વચ્છતા અને પાણી સુરક્ષા તરફ આગળ લઈ જઈ રહ્યા છે: શ્રી સી. આર. પાટીલ

કમલમ્,

જળ શક્તિ મંત્રાલય ના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (DDWS) એ નવીદિલ્હીના ભારત મંડપમ ખાતે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM-G) પ્રગતિ અને SBM-G પર ગોળમેજી પરિષદનું આયોજન કર્યું હતું. આ બેઠક માં ૨૮ રાજ્યો ના રાજ્ય મંત્રીઓ, ખાસ મુખ્ય સચિવ/અધિક મુખ્ય સચિવ/મુખ્ય મુખ્ય સચિવો/મુખ્ય સચિવો/સચિવો અને મિશન ડિરેક્ટરોને ગ્રામીણ સ્વચ્છતા ના પ્રગતિ ની સમીક્ષા કરવા, પડકારો ઓળખવા અને આગામી તબક્કાનું આયોજન કરવા માટે એકત્ર કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે તેમના મુખ્ય ભાષણમાં સામૂહિક સિદ્ધિઓની પ્રશંસા કરી અને નવીનતા, કચરાથી ઊર્જા અને આબોહવા-સ્થિતિસ્થાપક સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે SBM-G અને JJM સાથે મળીને આપણને ટકાઉ સ્વચ્છતા અને પાણી સુરક્ષા તરફ આગળ લઈ જઈ રહ્યા છે. JJM સાથે, દરેક ગ્રામીણ ઘરને સુરક્ષિત નળનું પાણી મળી રહ્યું છે, પરંતુ આ SBM-G હેઠળ ગ્રેવોટરના સંચાલન ની જવાબદારી પણ વધારે છે. ODF પ્લસ મોડેલ ફક્ત સંખ્યાઓ વિશે નથી, તે ગ્રામીણ પરિવારો માટે જીવનની ગુણવત્તા, આરોગ્ય અને ગૌરવ વિશે છે. આ ગળનો રસ્તો એવા ગામડાઓને આકાર આપવાનો છે જે આબોહવા સ્થિતિસ્થાપક તા, સંસાધન વ્યવસ્થાપન અને નવીનતા ને એકીકૃત કરે. તાત્કાલ હેઠળ નળના પાણીનો વિસ્તાર કરીએ છીએ તેમ, SBM-G અસરકારક ગ્રેવોટર મેનેજમેન્ટ સુનિશ્ચિત કરશે, અને 'જળ શક્તિ અભિયાન- કેચ ધ રેઈન' સાથે, પાણીની સુરક્ષા તરફ દોરી જતું વરસાદી પાણીનો સંગ્રહ આપણી સામૂહિક ફરજ બની જાય છે. SBM-G રાઉન્ડ ટેબલ માં, તેમણે ભાર મૂક્યો હતો કે સ્વચ્છતા અને પાણી કેવી રીતે અવિભાજ્ય છે જ્યારે SBM-G સ્વચ્છ ગામડાઓ સુનિશ્ચિત કરશે, JJM સુરક્ષિત નળનું પાણી પહોંચાડે છે, અને કેચ ધ રેઈન આપણને દરેક ટીપાનો સંગ્રહ કરવામાં મદદ કરે છે, સાથે મળીને, આ મિશન સ્વસ્થ, ટકાઉ અને પાણી-સુરક્ષિત ભારત નું નિર્માણ કરી રહ્યા છે, જે બધા ભારતને વિકાસ ભારત ના વિઝન ને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાએ તેમના સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે SBM-G નો શ્રેય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો, પંચાયતો અને સમુદાયોના સામૂહિક પગલાં ને જાય છે. તેમણે કહ્યું કે SBM-G હેઠળ પ્રાપ્ત થયેલી પ્રગતિ પ્રશંસનીય છે, પરંતુ આગળનો માર્ગ વર્તન પરિવર્તન ને વધુ ગાઢ બનાવવા, O&M સિસ્ટમોને મજબૂત કરવાને સ્વચ્છતા ના નાના તત્વો તરીકે યુવાનો અને મહિલાઓને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે સબકા સથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ સાથે નવીનતા અને દ્રઢતા ને અપનાવવા પર પ્રકાશ પાડ્યો. તેમણે આ મિશન માં સ્વચ્છતા કાર્યકરો અને ગ્રામ્ય જળ સ્વચ્છતા સમિતિઓ (VWSCs) ને સતત જોડવાની ભલામણ પણ કરી. શ્રી અશોક કે. કે. મીણા, સચિવ-DDWS એ ભાર મૂક્યો હતો કે મિશન નું ભવિષ્ય ડેટા-આધારિત, નાગરિક-કેન્દ્રિત અને સ્થાનિક માલિકી ના વિશ્વસનીય ડેટા પર આધારિત છે. પંચાયતોથી VWSCs સુધી, મહિલા નેતાઓથી લઈને બાળકો સુધી, SBMG ના હૃદય માં સમુદાય માલિકી સાથે પરિવર્તન એજન્ટ તરીકે કાર્ય કરવું જોઈએ. તેમણે સહયોગી શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતા ના મહત્વ પર ભાર મૂક્યો હતો, જે આપણને સંપૂર્ણ સ્વચ્છતા તરફ દોરી જાય છે. શ્રી કમલ કિશોર સોન, અધિક સચિવ અને મિશન ડિરેક્ટર (JJM અને SBM-G), એ ચકાસાયેલ ડેટા અને નિયમિત ક્ષેત્ર સમીક્ષાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ભાર મૂક્યો હતો કે ડેશબોર્ડ ફક્ત ડેટાને પ્રતિબિંબિત કરવા જ નહીં પરંતુ જમીન પરની વાસ્તવિકતાનું પ્રતિબિંબ પાડતું પ્લેટફોર્મ હોવું જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે સ્વચ્છતા ક્યારેય 'પૂર્ણ' થતી નથી પરંતુ તે એક દૈનિક આદત છે. તેમના સત્ર દરમિયાન, તેમણે પુનરોચ્ચાર કર્યો કે આગળના માર્ગમાં સંપત્તિ જાળવવી, વિશ્વસનીય ડેટા સુનિશ્ચિત કરવા અને સમુદાયોને જોડવાની સમાવેશ થતો હતો.

SBM-Gની કેટલીક મુખ્ય સિદ્ધિઓ

- **૮૧% ગામડાઓ હવે ODF પ્લસ મોડેલ ગામડાઓ છે જેમાં ૯૧% ગામડાઓ ગ્રે વોટર મેનેજમેન્ટ સિસ્ટમ ધરાવે છે; ૮૪% ગામડાઓ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ્સ ધરાવે છે અને ૬૭% બ્લોક પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ કવરેજની સંતુષ્ટ છે**
- **GOBARDHAN બાયોગેસ પ્લાન્ટ્સનું વિસ્તરણ, ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તેમના પ્લાન્ટ્સ તેમની ડિઝાઇન કરેલી ક્ષમતાના ૮૦-૧૦૦% પર કાર્યરત હોવાનું જણાવે છે.**
- **સ્વચ્છ સુજલ ગાંવ અભિયાન અને તમામ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય અને રાજ્ય બોર્ડમાં WASH અભ્યાસક્રમ એકીકરણનો પ્રચાર**
- **ઓછા ભંડોળના ઉપયોગ, O&M અને FSM પર બાકી નીતિઓ તેમજ કાર્યક્ષમતાની ચિંતાઓ તમામ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ચર્ચા કરવામાં આવી હતી.**

SBM-G તરફ આગળનો તબક્કો: SBM-G રાઉન્ડ ટેબલમાં આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા અને પશ્ચિમ બંગાળની શ્રેષ્ઠ પ્રથાઓ પર એક સત્રનો સમાવેશ થતો હતો.

હિમાચલ પ્રદેશે ઓડિશાના ધર્મશાલામાં ક્લસ્ટર-આધારિત ઘન કચરા વ્યવસ્થાપન મોડેલ રજૂ કર્યું, સુંદરનગરમાં મહિલાઓ દ્વારા સંચાલિત કચરા વ્યવસ્થાપન અને સુ-નંનો ઈ-વાહનો પર પ્રકાશ પાડ્યો. બિહારે "કબાડમંડી" ડિજિટલ પ્લેટફોર્મ અને ડિજિટલ કોમ્યુનિકેશન એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (DCMD) શેર કરી, કર્ણાટકએ ગોબરધન, FSTP અને ગ્રે વોટર મેનેજમેન્ટ મોડેલ દર્શાવ્યા, ગુજરાતે મહિલાઓ દ્વારા સંચાલિત ODF+ મોડેલ અને મોટા પાયે બાયોગેસ પહેલ રજૂકરી, મિઝોરમ મેચિલુન્સ સેનિટેશન ક્લબ અને CSC ને શોપ મોડેલ સાથે પ્રકાશિત કર્યા, ઝારખંડે સાહિબગંજના નદી કિનારાના વિસ્તારોમાં તેના ગોબર ધન બાયોગેસ પ્લાન્ટ શેર કર્યા, મહારાષ્ટ્રે છત્તીસગઢના સતારામાં ટાઈગર બાયોફિલ્ટર ગ્રે વોટર ટ્રીટમેન્ટ ટેક્નોલોજી પ્રદર્શિત કરી, મધ્યપ્રદેશના પટોરા ગ્રામ પંચાયતના મળ કાદવ સારવાર મોડેલ રજૂ કર્યા, "વોશ ઓન વ્હીલ્સ" મોબાઈલ ટોઈલેટ સફાઈ સેવા પર પ્રકાશ પાડ્યો, આસામે ફ્લોટિંગ ટોઈલેટ સહિત તેની IEC અને આબોહવા સ્થિતિસ્થાપક પહેલ શેર કરી, જ્યારે પશ્ચિમ બંગાળે રસ્તાના બાંધકામ માટે પ્લાસ્ટિક કચરાનો ઉપયોગ કરીને તેનું પ્લાસ્ટિક કચરો વ્યવસ્થાપન મોડેલ રજૂ કર્યું. આ અનુભવો પ્રતિબિંબિત કરે છે કે SBM-G ગ્રામીણ ભારતમાં ટકાઉ સ્વચ્છતા માટે કેવી રીતે જન આંદોલન બની ગયું છે. આગામી તબક્કામાં ચર્ચા કરવામાં આવેલા મથન સત્રમાં સ્વચ્છ સુજલ ગાંવ પર નિર્માણ કરીને, ગ્રામ સ્વચ્છતામાં વધારો કરીને અને વિકાસ ભારતમાટે મુખ્ય આધારસ્તંભ તરીકે સંપૂર્ણ કચરા વ્યવસ્થાપન ઉકેલોતરફ આગળ વધીને ODF મોડેલના લાભોને ટકાવી રાખવાનો સમાવેશ થઈ શકે છે. સમાપન ટિપ્પણી દરમિયાન, માનનીય MoJS એ રાજ્ય મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા સૂચનોની પ્રશંસા કરી.

‘આદિ કર્મયોગી અભિયાન’ એ દેશનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન :– આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોર

આ અભિયાનને સફળ બનાવવા આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટોને પણ સાંકળવામાં આવ્યા છે :- આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિ

આદિ કર્મયોગી કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીની આદિવાસી પ્રત્યેની સંવેદનશીલતા અને દીઘર્દ્રષ્ટિ જોઈ શકાય છે.: મંત્રી ડો. કુબેર ડિંડોર

- ગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચલાવાશે
- આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ લાખ ચેન્જ લીડર કેડર તૈયાર કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે

અભિયાનના મુખ્ય હેતુઓ

- પ્રતિભાવશીલ, પારદર્શક અને જવાબદાર શાસનને પ્રોત્સાહન આપવું.
- નીચેથી ઉપર સુધીના દ્રષ્ટિકોણ અને સહભાગી આયોજન સરળ બનાવવું.
- સક્રિય ફરિયાદ નિવારણ અને પ્રતિસાદ પ્રણાલીને સંસ્થાકીય બનાવવી.
- રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય યોજનાઓના સહયોગી અમલીકરણને સક્ષમ બનાવવું.
- વિકસિત ભારત @2047 માટે સૂક્ષ્મ સ્તરીય દ્રષ્ટિકોણથી કાર્યક્રમો ચલાવવા.
- વસ્યાટ (habitation) થી રાજ્ય સુધી બહુસ્તરીય નેતૃત્વ માળખું સ્થાપિત કરવું.
- કન્વર્ગન્સ દ્વારા છેલ્લા માઈલ ડીલેવરી સુનિશ્ચિત કરવી (PM-JANMAN, Dharti Aaba Abhiyan, Sickle Cell Mission, EMRS, scholarships)

કમલમ્,

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે ગાંધીનગરથી અભિયાન અંગે વિગતો આપતા કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાન એ ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે, જે આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન અને સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટેનું મિશન ધરાવે છે. જે સેવા, સમર્પણ અને સંકલ્પ દ્વારા સંચાલિત છે. આ અભિયાનનો ઉદ્દેશ "ભારતના આદિવાસી પ્રદેશામાં બહુસ્તરીય ક્ષમતાનિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક કેન્દ્રિત શાસન પ્રણાલી અને પ્રતિભાવશીલ શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો છે." આ અભિયાન પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષઅભિયાન (DA-JGUA)ના વ્યાપક માળખા સાથે જોડાયેલ છે. આ અભિયાન આદિજાતિ મંત્રાલય (MoTA) દ્વારા સંચાલિત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભગવાન બિરસા મુંડાના જન્મદિવસથી આ કાર્યક્રમ શરૂ કરવામાંઆવ્યો છે તેમ, મંત્રીશ્રીએ કહ્યું હતું. ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, આદિ કર્મયોગી કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીની આદિવાસીપ્રત્યેની સંવેદનશીલતા અને દીઘર્દ્રષ્ટિ જોઈ શકાય છે. આ અભિયાન વડાપ્રધાનશ્રીના દુરંદેશી નેતૃત્વનું પરિણામ છે. PM-JANMAN અને DA-JGUA આદિ કર્મયોગી અભિયાન સાથે સંકળાયેલછે. આ અભિયાનમાં ભારત દેશના ૦૧ લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ, ૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન અંતર્ગતગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચાલવાનોછે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ લાખ ચેન્જ લીડર કેડર તૈયાર કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ ચેન્જ લીડરો આદિવાસી લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજીને તેનું નિરાકરણ લાવવા માટે કામગીરી કરવામાં આવશે તેમ, મંત્રી શ્રી કિંડોરે ઉમેર્યું હતું. આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિએ કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાનને PM-JANMAN, DA-JGUA, રાષ્ટ્રીય સિકલ સેલ નાબૂદી અભિયાન, EMRS વિસ્તરણ અને શિષ્યવૃત્તિ વગેરે યોજનાઓનું એકીકરણ કરી રાષ્ટ્રીય મિશન સાથે સુમેળ સાધવાનો છે. આ અભિયાનમાં આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટોને પણ સાંકળવામાં આવ્યા છે, જેમાં આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, મહિલાઅને બાળવિકાસવિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, ફોરેસ્ટ વિભાગ, પંચાયતી રાજ વિભાગ, તેમજ ડ્રીંકિંગ વોટર અને સેનિટેશન વિભાગનો સમાવેશ થાય છે. મંત્રી શ્રી હળપતિએ જણાવ્યું હતું કે, આ અભિયાન વડાપ્રધાનશ્રીના દુરંદેશી નેતૃત્વનું પરિણામ છે. PM-JANMAN અને DA-JGUA આદિ કર્મયોગી અભિયાન સાથે સંકળાયેલછે. આ અભિયાનમાં ભારત દેશના ૦૧ લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ, ૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન અંતર્ગતગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચાલવાનોછે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ લાખ ચેન્જ લીડર કેડર તૈયાર કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ ચેન્જ લીડરો આદિવાસી લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજીને તેનું નિરાકરણ લાવવા માટે કામગીરી કરવામાં આવશે તેમ, મંત્રી શ્રી કિંડોરે ઉમેર્યું હતું. આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિએ કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાનને PM-JANMAN, DA-JGUA, રાષ્ટ્રીય સિકલ સેલ નાબૂદી અભિયાન, EMRS વિસ્તરણ અને શિષ્યવૃત્તિ વગેરે યોજનાઓનું એકીકરણ કરી રાષ્ટ્રીય મિશન સાથે સુમેળ સાધવાનો છે. તેમણે કહ્યું હતું કે, આદિજાતિ વિકાસ વિભાગ અને લાઈન ડિપાર્ટમેન્ટના કુલ - ૦૮ અધિકારીશ્રીઓએ મહારાષ્ટ્રના પૂણે ખાતે ઉપસ્થિત રહીને આદિ કર્મયોગી અભિયાન-રિજ્યોનલ પ્રોસેસ લેબ અંતર્ગત આદિ કર્મયોગીએંગેજી સ્ટેટ માસ્ટર ટ્રેનર તરીકેની તાલીમ મેળવી હતી. ગત તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સ્વર્ણિમ સંકુલ, નવા સચિવાલય ખાતે આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત એક દિવસનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં આદિજાતિ વિકાસ વિભાગના અને લાઈન ડિપાર્ટમેન્ટના કુલ-૭૦ થી વધુ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન નારાયણી હાઈટ્સ હોટેલ,ભાટ, ગાંધીનગર ખાતે આદિવાસી વિસ્તાર ધરાવતા ૧૫ જિલ્લાના ૧૦૪ થી વધુ અધિકારીઓને ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર તરીકેની તાલીમ આપવામાં આવી હતી. આદિજાતિઓની વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત એક દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમો યોજાઈ ગયાછે તેમજ સપ્ટેમ્બર-૨૦૨૫ માસના પ્રથમ અઠવાડિયામાં આદિ કર્મયોગી અભિયાનઅંતર્ગત ડીસ્ટ્રીક્ટ પ્રોસેસ લેબ અંતર્ગત તાલુકામાંથી આવેલા અધિકારીશ્રીઓને બ્લોક માસ્ટર ટ્રેનરની તાલીમ આપવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ કાર્યક્રમ આદિ કર્મયોગીથી આદિ સહયોગી અને આદિ સહયોગીથી આદિ સાથી સુધી પહોંચવાનો છે. આદિવાસી વિસ્તાર માં વસવાટ કરતા પછાત અને ગરીબ લોકોને સરકારની તમામ યોજનાઓનો લાભ મળે તે માટે ગ્રામ્ય કક્ષાએ વિલેજવિઝન બિલ્ડીંગઅને વિલેજ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યાર છે, આઆયોજન નીચેથી ઉપર જશે. ગ્રામીણ કક્ષાએ એક આદિ સેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવશે અને સ્થાનિક આદિવાસી લોકોની જ રૂચિયાતો અને પ્રશ્નો સમજવામાંઆવશેઅને તેના ઉકેલો પણ સ્થાનિક કક્ષાએથી મળે તે મુજબ ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તા. ૦૨ ઓકટોબર, ૨૦૨૫ના રોજ ભારતમાં અને ગુજરાતમાં "સવિશેષ ગ્રામસભા" યોજાનાર છે. આ વિશેષ ગ્રામસભામાં ગામડાઓના લોકો દ્વારા વિલેજ વિઝન બિલ્ડીંગ અને વિલેજ એકશન પ્લાન અંગેચર્ચા કરવામાં આવનાર છે. આપણે સૌએ સાથે મળીને વડપ્રધાનશ્રીના વિકસિત ભારત @2047 ના વિઝનને સાકાર કરવાનું છે. આપણને એક અવસર મળ્યો છે કે આપણે સૌ સાચા આદિ કર્મયોગી, આદિ સહયોગીઅને આદિ સાથી બનીએ અને આદિજાતિના જે કુટુંબો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહીગયાછે તેમને સમયસર અને યોગ્ય લાભ પહોંચાડવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

ભારતની વિકાસગાથામાં બેંકિંગ ઉદ્યોગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે: રાષ્ટ્રપતિ મુર્મુ

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨ સપ્ટેમ્બર, ૨૦૨૫) તમિલનાડુના ચેન્નાઈમાં સિટી યુનિયન બેંકના ૧૨૦મા સ્થાપના દિવસ સમારોહમાંઉપસ્થિત રહ્યાહતાં. આપ્રસંગેરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્ર વિશ્વની સૌથી ઝડપથી વિકસતીમોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને બેંકિંગ ઉદ્યોગ તેની વિકાસ ગાથામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગતિશીલ આર્થિક પરિસ્થિતિમાં, લોકોની આકાંક્ષાઓ ખૂબ જ વધી છે. બેંકોની ભૂમિકા નાણાકીય વ્યવહારોથી આગળ વધી છે. બેંકો ફક્ત સંપત્તિનારક્ષક નથી. આજે તેઓ નાણાકીય સેવાઓની વિશાળશ્રેણી પૂરી પાડે છે. તેઓ સમાવેશી અને સતત વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશના વિકાસના મહત્વપૂર્ણ સ્તંભોમાંનો એક નાણાકીય સમાવેશ છે, જેનો અર્થ છે કે દરેક નાગરિકને સસ્તી નાણાકીય સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સિટી યુનિયન બેંક જેવી બેંકો બેંકિંગ દ્વારા નાણાકીય સમાવેશના ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધ્યેયને પૂર્ણ કરવામાં મદદ કરી રહી છે. તેમણે કહ્યું કે ભારત જેવા વિકાસશીલ દેશમાં, મોટી વસ્તી હજુ પણ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં રહે છે, જ્યાં ઔપચારિક બેંકિંગની મર્યાદિત પહોંચ છે. તેમને એજાણીને આનંદ થયો કે સિટી યુનિયન બેંકે નાણાકીય સમાવેશનૂ ક્ષેત્રમાં નોંધપાત્રપ્રગતિ કરીછે. રાષ્ટ્રપતિએ કહ્યું કેબંકો અને ફિન્ટેક કંપનીઓ ગરીબ સમુદાયોમાટે વપરશ્રાકતા-મૈત્રીપૂર્ણ (યુઝર ફ્રેન્ડલી) મોબાઈલ એપ્લિકેશન્સ, માઈક્રો-ક્રેડિટ અને વીમા ઉત્પાદનો પ્રદાન કરી રહી છે. પેમેન્ટ બેંકો, ડિજિટલ વોલેટ્સ અને બેંકિંગ કોરસપોન્ડન્ટ્સ દૂરના ગામડાઓમાં નાણાકીય સેવાઓ પહોંચાડી છે. તેમણે કહ્યું કે આક્ષેત્રમાં પ્રગતિ હોવા છતાં, ડિજિટલ સાક્ષરતા, ઈન્ટરનેટ અક્સેસ અને નાણાકીય જાગૃતિના સંદર્ભમાં હજુ પણ ઘણા પડકારો છે. તમામ હિસ્સેદારોના સંયુક્ત પ્રયાસોથી, લોકો ટેકનોલોજી, ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા દ્વારા બેંકિંગ સેવાઓ સાથે વધુ સારી રીતે જોડાઈ શકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રનું સશક્તિકરણ આપણાબેંકિંગ ક્ષેત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. સમયસર અને સસ્તું ધિરાણ પૂરું પાડીને, નાણાકીયસાક્ષરતા આપીને અને કૃષિ-ટેક પહેલને ટેકો આપીને, બેંકો કૃષિનેટકાઉઅનેનફાકારક બનાવવામાં મદદ કરીશકે છે. બેંકો જ્ઞાનસંપત્તિનેવિકાસના એન્જિનમાં રૂપાંતરિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આપણી બેંકોએ વંચિત અને છેવાડાના વર્ગોને મદદ કરવા માટે પણ પગલાં લેવા જોઈએ. દૈનિક વેતન કામદારો અને સ્થળાંતરિત મજૂરોને બેંકિંગ સેવાઓ સાથે વધુ સારી રીતે જોડવા માટે ખાસ પ્રયાસો કરવા જોઈએ. રાષ્ટ્રપતિએકહ્યું કેજેમ જેમઆપણી ડિજિટલ અને જ્ઞાન-સંચાલિતઅર્થવ્યવસ્થાનો વિસ્તાર થઈ રહ્યો છે, તેમતેમડિજિટલ પરિવર્તનઅને ડ્યોગ્રસાહસિકતા માંબેંકોની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની રહીછે. સ્ટાર્ટ-અપ્સથી લઈને સ્માર્ટ સિટીઝ સુધી, ઘણા ક્ષેત્રો છે જેમાં બેંકો મદદ કરી શકે છે. વિકસિત ભારતના નિર્માણમાંબેંકો સક્રિય ભાગીદાર બનીશકે છે.

કમલમ્,

ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી જતા પદયાત્રીઓના સેવાર્થે શરૂ કરાયેલ ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટીના પદયાત્રી સેવા કેન્દ્રમાં પાંચમાં દિવસે મહાઆરતીનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણીશ્રીઓ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં પદયાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પદયાત્રી સેવા કેન્દ્રની શરૂઆતથી જ ભાજપના કાર્યકર્તાઓ શ્રદ્ધાળુઓના સતત પ્રવાહ વચ્ચે સુદ્રઢ આયોજન સાથે ૨૪ કલાક સેવા માટે ઉપલબ્ધ રહ્યા હતાં.

છેલ્લા ૨૫ વર્ષથી માઈભકતોની અવિરત સેવા કરતો માણસાના આનંદપુરા અને વેડા ગામનો “માઁ શ્રી વેડાઈ સેવા કેમ્પ”

એક નાનકડા વિચારથી શરુ કરાયેલા આ કેમ્પમાં દરવર્ષે આશરે ૩૦ થી ૩૫ હજાર પદયાત્રીઓને વિવિધ સેવાનો લાભ મળે છે

સેવા કેમ્પમાં શ્રદ્ધાળુઓ માટે ચા-નાસ્તો, શરબત, પાણી, સફરજન અને વિસામાની વ્યવસ્થા

કમલમ્,

માંજગદંબાના આશીર્વાદ અને પદયાત્રીઓની સેવા કરવાના દ્રઢ સંકલ્પ સાથે "માઁ શ્રી વેડાઈ સેવા કેમ્પ"છેલ્લા ૨૫ વર્ષથી માઈભક્તોનીઅવિરત સેવા યાત્રા કરી રહ્યો છે. આ યાત્રાની શરૂઆત માત્ર એક નાનકડા વિચાર થી થઈ હતી, જે આજે હજારો પદયાત્રીઓની સેવા થકી વિશાળ વટવૃક્ષ બની છે.

એક સંકલ્પથી શરૂ થયેલી યાત્રા

ગાંધીનગરના માણસા તાલુકાના આનંદપુરા અને વેડા ગામના યુવાનોનો એક સંઘવર્ષ ૧૯૯૫થી દરવર્ષે વેડાથી અંબાજીની પદયાત્રા પર જતો હતો. પદયાત્રા દરમિયાન આ યુવાનોને હડોલથી ટીંબા વચ્ચેના ૮કિલોમીટરના દુર્ગમઅને કાચારસ્તા પર ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ઢોળાવવાળારસ્તા પર યાત્રા કરી રહેલા શ્રદ્ધાળુઓને પીવાનું પાણી પણ નસીબ ન થતું. આ પરિસ્થિતિ જોઈને વર્ષ ૧૯૯૯માં આયુવાનોએ દ્રઢસંકલ્પ કર્યો કે આવતાવર્ષથી, એટલે કે વર્ષ ૨૦૦૦થી, તેઓ આ રસ્તા પર યાત્રાળુઓ માટેપીવાના પાણીનોસેવા કેમ્પ શરૂ કરશે. માઁ અંબાને આપેલું આ વચન પૂરું કરવા માટે ગામના યુવાનોએ "માઁ વેડાઈ સેવા કેન્દ્ર"ની સ્થાપના કરીને પદયાત્રીઓની સેવા શરૂ કરી હતી.

સેવાનો વિસ્તરતો વ્યાપ

સેવા શરુ કર્યાના શરૂઆતના પાંચ વર્ષ સુધી યુવાનોના સેવા કેમ્પ દ્વારા પદયાત્રીઓને ફક્ત લીબુ શરબત અને પાણીની સુવિધા પૂરી પાડવામાં આવતી હતી.

સમય જતાં દાતાઓના સહયોગથી આ સેવા કેમ્પમાં પાણી-શરબત સાથે વિવિધ પ્રકારના નાસ્તા, ચા અને મેડિકલ સેવાઓપણ ઉમેરવામાંઆવી હતી. આ ઉપરાંત ગ્રામજનોના સહકારથી પદયાત્રીઓ માટે એક ચારદિવસ વિસામાનું પણનિર્માણ કરવાનું શરુ કર્યુ હતું, જેથીપદયાત્રીઓ બેઘડી આરામ કરીશકે. આ સેવા કેમ્પદ્વારા છેલ્લાદસ વર્ષથીમઈભક્તોને સતત સફરજન નો પ્રસાદ આપવામાં આવી રહ્યો છે. સફરજન ને કાપી, તેના પર મસાલો નાખીને શ્રદ્ધાળુઓને માઁ વેડઈના પ્રસાદ તરીકે આપવામાં આવેછે.

શ્રમ અને સમર્પણની ગાથા

આ સેવા કેમ્પમાં માત્ર પૈસાનું જ નહીં, પરંતુ શ્રમનું પણ દાન થાય છે. ગામના ધંધો, સરકારી-ખાનગી નોકરી અને મોટી ખેતી કરતા યુવાનો પણ આ ચારદિવસ દરમિયાન સેવા કેમ્પમાંઆવીને રાત-દિવસશ્રદ્ધાળુઓની સેવાકરે છે.દર વર્ષેઆશરે ૩૦ થી ૩૫હજાર પદયાત્રીઓ આ સેવાકેન્દ્રનો લાભ લે છે. જેમાંગાંધીનગર, માણસા, જિતપુર, હિમતનગર અનેવિસનગર તાલુકાના ભકતોનો પણસમાવેશથાય છે. ૧૦ વર્ષપહેલા સફરજન ની સેવા શરૂ કર્યા બાદ, દર વર્ષેલગભગ રૂ. ૫ લાખથી વધુનો ખર્ચ થાય છે. પરંતુ માં વડઈની કૃપાથી અને દાતાઓના સહયોગથી આસ્થા અવિરતપણેહજુ પણ ચાલુ છે અને આગામી અનેક વર્ષો સુધીસતત ચાલુ રહેશે.

રાષ્ટ્રીય શિક્ષક દિવસ -૨૦૨૫

વિદ્યાર્થીઓમાં વ્યકિતગત કૌશલ્ય વિકાસ અને શિક્ષણની આવનારા સમયમાં તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અનિયમિત વિદ્યાર્થીઓને શાળા તરફ આકર્ષિત કરવા સતત પ્રયત્ન કરું છું. :- પ્રાથમિક શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદ

શ્રી મીનેશભાઈ વાળંદ દ્વારા ભણાવાયેલી વિદ્યાર્થીનીઓ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં વ્યવસાય મેળવી આત્મનિર્ભર બની

કમલમ્,

શિક્ષક ક્યારે પણ સાધારણ હોતો નથી.. આ વાત આચાર્ય શ્રી ચાણક્યએ કહીહતી. અમદાવાદ જિલ્લાની વાલીન્ડા પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી મીનેશભાઈવાળંદે આવાતને ખરા અર્થમાં સાર્થક કરીબતાવી છે. આ અસાધારણ શિક્ષકે ધોરણ ૮ પાસ કરેલી ૫૦થી વધુ દીકરીઓને આદર્શનિવાસીશાળા-સેક્ટર ૧૩, ગાંધીનગર ખાતે પ્રવેશ અપાવ્યો હતો. આ દીકરીઓના અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારીપણ તેમણેઉપાડીહતી. જેના પરિણામ સ્વરૂપે આજે આમાંથી મોટાભાગની વિદ્યાર્થીઓ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ જેવા અભ્યાસક્રમો પૂર્ણ કરીને સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં વ્યવસાય મેળવી આત્મનિર્ભર બની છે. દશના ભવિષ્યને ઝળું બનાવતા આ શિક્ષક શ્રી મીનેશભાઈવાળંદ સાથેવાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ૧૯ વર્ષ પહેલા જ્યારે તેઓ ધોલેરાની વાલીન્ડા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા, ત્યારે ધોલેરા તાલુકામાં દીકરીઓના શાળાએ ભણવા જવાનો દર ખૂબ ઓછો હતો. આબાબત ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતામાં શિક્ષણના મહત્વ અંગે જાગૃતિ વધે તે માટે "પેટર્ન ઓફ વાલીન્ડા",નામથી એક અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાન અંતર્ગત અનિયમિત વિદ્યાર્થીઓને શાળા તરફ આકર્ષિત કરવા નવીન પદ્ધતિ અપનાવવામાં આવી હતી. જેમાંમહિનાનુંકેલેન્ડરતૈયાર કરીને વધુ ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓના ઘર જઈને 'મોહલ્લા પ્રાર્થના' કરવાનો અનુક્રમ શરુ કર્યો હતો, જેથીઆસ-પાંસના રહેવાસીઓમાં પણ શિક્ષણનામૂલ્યો અંગે જાગૃતિ આવે. આ ઉપરાંત બાળકોને કલા સંસ્કૃતિ સાથે જોડવા માટે "શાળામાં કવિ કહે છે" નામથી એક વિશેષ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યોહતો. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના કવિઓની કાવ્યરચના સંગીતના રૂપમાં ગાઈને બાળકોને ભણાવવામાં આવે છે. વધુમાં, શિક્ષકો અને બાળકો સાથે મળીને ટિફિન ડે અનફિલ્મ નિરક્ષન-ડ્રની ઉજવણી કરે છે. જેથી બાળકોને શાળામાં હળવું અને રસપ્રદ વાતાવરણ મળતાં તેઓ નિયમિત ભણવા આવે. "પેટર્ન ઓફ વાલીન્ડા"અભિયાનની ખાસ વાત એછે કે,જે વાલીપોતાના બાળકને નિયમિત શાળાએ મોકલે ત્યાર તે બાળક અને વાલીનું સન્માન કરવામાં આવે છે. આવા અનેક પ્રયાસો અને રાજ્ય સરકાર ના સહકારથી આજે ધોલેરા તાલુકાના બાળકોમાં ભણવાની જિજ્ઞાવિષા જાગી છે. વધુમાંશ્રી મીનેશભાઈએ કહ્યું હતુ કે, રમત ગમત ક્ષેત્રે પણ વાલીન્ડા પ્રાથમિક શાળાના બાળકો પાછળ ન રહે તે માટે શાળાના બાળકોને કઈ રમતમાં રસ છે, તે જાણી રાજ્ય સરકારના ખેલ મહાકુંભમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ભાગ લેવડાવવામાં આવેછે. જેની ફલશ્રુતિરૂપે શાળાની જ એક દીકરી- બંસી ડિરીટભાઈ મેરેખેલ મહાકુંભમાંરાજ્ય કક્ષાએ કુસ્તીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ દીકરી હાલ સરકારી સ્પોર્ટ્સ સ્કૂલમાં બેડમિન્ટન અને કુસ્તીનો અભ્યાસ કરીરહીછે. તાજેતરમાં મુંબઈમાં યોજાયેલઅંશિયન ગેમ્સ -૨૦૨૫માં ટેકવોન્ડોરમતમાં પણ આ દીકરીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત શ્રી મીનેશભાઈદ્વારા છેલ્લાપાંચ વર્ષથી સૃષ્ટિ એન.જી.ઓ અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ-IIM સાથે મળીને ઉનાળા વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન ક્રિએટિવિટી વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્કશોપમાંવિદ્યાર્થીઓને ઈનોવેશન અને વૈજ્ઞાકિકકૌશલ્ય વિકસાવવની તક મળે છે. આમાંથી એક વિદ્યાર્થીને રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત પણ કરવામાંઆવ્યાછે. દર વર્ષે ૫ સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવેછે. ચાલુ વર્ષેયોજનારા શિક્ષક દિવસ કાર્ય ક્રમમાં અમદાવાદના પ્રતિભાશાળી શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદને શિક્ષણ ક્ષેત્રે રાજ્યમાં ઉત્તમ કામગીરી કરવા બદલમુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલના હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર' દ્વારા સન્માનિત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીયછે કે, શ્રી મીનેશભાઈ એ શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી કરવાબદલવર્ષ-૨૦૧૧માંવાંચે ગુજરાત અંતર્ગત ગુજરાત ગૌરવ એવાર્ડ, વર્ષ-૨૦૧૩માંભારત રત્ન સરદાર પટેલ સાહિત્યિક એવોર્ડ, વર્ષ -૨૦૧૬માં માતૃભાષા અભિયાન દ્વારા રાજ્યના શ્રેષ્ઠ ભાષા શિક્ષક એવોર્ડ, વર્ષ -૨૦૧૯માંરાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રેષ્ઠ આચાર્ય સન્માન, વર્ષ-૨૦૨૦માં અચલા ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠશિક્ષક સન્માનતમજ વર્ષ -૨૦૨૧માં અમદાવાદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન દ્વારા પુરસ્કૃત કરવામાંઆવ્યા હતા.